પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૫૧ | ૪ માર્ચ, ૨૦૨૧, ગુરૂવાર; મહા વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

નીતિનભાઈનું 'આત્મનિર્ભર' અંદાજપત્ર

ચતુર નાણામંત્રીનો 'મોદી પ્રેમ' : ટેક્સ વધારો નહીં, સ્થાનિક ચૂંટણીમાં 'વિજય' છતાં રાહત નહીં : ગુજરાતના ૨૦૨૧-૨૨ના બજેટમાં મોદીના ડ્રીમ પ્રોજેક્ટને વધારે મહત્વ, કોરોના સંક્રમણથી ટેક્સ વધાર્યા નહીં, પેટ્રોલ-ડીઝલના ભાવવધારા સામે વેટમાં કોઇ રાહત નહીં

પેટ્રોલ-ડીઝલ પર વેટના દરો નહીં ઘટે, રાહત આપવામાં નીતિન પટેલનો ઈન્કાર

ગુજરાતના નાણામંત્રી વેટના દર ગુજરાત કરતાં વધુ છે તેવા ૧૪ રાજ્યોની સરખામણી કરી રહ્યાં છે પરંતુ જ્યાં ઓછા છે તેનું ઉદાહરણ આપી શકતા નથી

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો થાય તે માટે રાજ્ય સરકાર વેલ્યુ એડેડ ટેક્સ એટલે કે વેટમાં કોઈ ઘટાડો કરવા માગતી નથી તેવું કહીને રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે લોકોને મોંઘવારીના સમયમાં રાહત આપવાનો ઈન્કાર કર્યો છે.

તેમણે કહ્યું છે કે ગુજરાતમાં બીજા રાજ્યોની સરખામણીએ વેટના દરો ખૂબ ઓછા છે તેથી અત્યારે વેટના દરો ઘટાડવાની કોઈ આવશ્યકતા નથી. તેમણે કહ્યું કે ગુજરાત કરતાં દેશના ૧૪ રાજ્યોમાં વેટના દરો વધુ છે તેથી વેટ ઓછું કરવાની કોઈ જરૂર નથી. તેમણે એવો દાવો કર્યો હતો કે વેપાર ધંધામાં ગ્રોથ આવશે.

નાણામંત્રી નીતિન પટેલે બજેટ રજૂ કર્યા બાદ મિડીયા સાથેની ચર્ચામાં કહ્યું હતું કે ૨ લાખ ૨૭ હજાર ૨૯ કરોડનું બજેટ બનાવવમાં આવ્યું છે, કોરોના સંક્રમણ દરમ્યાન રાજ્યમાં વ્યાપાર અને ઉદ્યોગો ધીમે ધીમે શરૂ થયાં હોવાથી જીએસટીની આવકમાં ધીમે ધીમે વધારો થઇ રહ્યો છે.

દેશના અન્ય રાજ્યોની જેમ પેટ્રોલ અને ડીઝલના ભાવ વધી રહ્યાં છે ત્યારે સરકારે વેટના દરો ઘટાડવાનો ઈન્કાર કર્યો છે. નીતિન પટેલ અન્ય રાજ્યોની સરખામણી કરી રહ્યાં છે પરંતુ જે બીજા રાજ્યોમાં વેટના દરો ઓછા છે તેનો ઉલ્લેખ કરવાનું ટાળી રહ્યાં છે. તેમણે કહ્યું કે કોરોના સંક્રમણના કારણે રાજ્ય સરકારની તિજોરી પર ચાલુ વર્ષે ૪૦ ટકા ટેક્સ ઓછો આવ્યો છે પરંતુ જાન્યુઆરી મહિનાની સરખામણીએ ફેબ્રુઆરીમાં ટેક્સની આવકમાં વધારો નોંધાયો છે.

ગાંધીનગર, તા. ૩

ગુજરાત સરકારે રજૂ કરેલા ૨.૨૭ લાખ કરોડના બજેટમાં કોઇ નવા કરવેરા નાંખ્યા નથી કે હયાત કરવેરામાં સુધારા કર્યા નથી. કોરોના સંક્રમણના સમયમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી નીતિન પટેલે બજેટની રજૂઆત સમયે નવી યોજનાઓની જાહેરાત કરી છે પરંતુ સાડા છ કરોડની જનતાને કોઇ રાહત આપી નથી. નવા વર્ષના બજેટમાં બે લાખ સરકારી નોકરી તેમજ પાંચ વર્ષમાં ૨૦ લાખ રોજગારીની તકો ઉભી કરવાના વચન સાથે સરકારે ઓનગોઈંગ પ્રોજેક્ટ્સ માટે નાણાંકીય જોગવાઈ કરી છે.

ગુજરાત સરકારના ૨૦૨૦-૨૧ના વર્ષના બજેટનું કદ ૧.૧૭ લાખ કરોડ હતું જેમાં નાણામંત્રીએ ૧૦ હજાર કરોડનો વધારો કર્યો છે. આ બજેટમાં તમામ વર્ગના લોકોને ફાયદો કરવામાં આવ્યો છે પરંતુ પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાથી ત્રાસી ગયેલી જનતાને વેલ્યુ એડેડ ટેક્સના દરોમાં ઘટાડો કરીને કોઇ રાહત આપવામાં આવી નથી. એટલું જ નહીં બિલ્ડરજૂથની માગણીનો અસ્વિકાર કરીને સ્ટેમ્પડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી માં પણ કોઇ ઘટાડો કરવામાં આવ્યો નથી.

● અનુસંધાન પાન-૭ પર

૨૦૨૨ની ચૂંટણી સમયે ગુજરાતનું જાહેર દેવું ૩,૦૦,૦૦૦ કરોડને પાર હશે

ગાંધીનગર, તા. ૩

ગુજરાતમાં વિકાસની વાતો કરવામાં આવે છે પરંતુ દેવું કરીને ઘી પીવા જેવો ઘાટ સર્જાયો છે. દેવાની રકમ દર વર્ષે સતત વધતી રહી છે. ૨૦૨૨માં જ્યારે વિધાનસભાની ચૂંટણી આવશે ત્યારે રાજ્ય સરકારનું જાહેર દેવું ત્રણ લાખ કરોડ કરતાં પણ વધી ચૂક્યું હશે.

છેલ્લા બાર વર્ષમાં રાજ્ય સરકારના જાહેર દેવામાં અનેકગણો વધારો થયો છે. માર્ચ-૨૦૧૯ના અંતે જાહેર દેવું ૨.૩૮ લાખ કરોડ થયું હતું જે માર્ચ ૨૦૨૦માં વધીને ૨૬૭૬૫૦ કરોડ થયું છે. ગુજરાત સરકારનું જાહેર દેવું આગામી બે વર્ષના અંતે વધીને ત્રણ લાખ કરોડ થવાની સંભાવના છે.

માર્ચ ૨૦૨૧ સુધીમાં જાહેર દેવું વધીને ૨.૬૭ લાખ કરોડ, બજારલોનનો હિસ્સો ૬૮.૨૮ ટકા

નાણા વિભાગના જણાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૧૮ના અંતે જાહેર દેવું ૨.૧૭ લાખ કરોડ હતું. જાહેર દેવું એ કોઈપણ સરકાર માટે ચિંતાનો વિષય છે. દેવાના ઘટકો બદલાતાં સરકારને હવે કેન્દ્રની લોન ઓછી મળે છે અને બજાર લોન વધારે લેવી પડે છે.

ગુજરાત સરકારના નાણા વિભાગના એક ડોક્યુમેન્ટમાં જણાવ્યા પ્રમાણે માર્ચ ૨૦૨૦ સુધીમાં તે ૨.૬૬ કરોડ થવાનો અંદાજ રાખવામાં આવ્યો હતો. એ જ પ્રમાણે માર્ચ ૨૧માં જાહેર દેવાનો આંકડો ૨.૯૬ કરોડ સુધી પહોંચી શકે છે. સરકારના જાહેર દેવામાં બજાર લોન, પાવર બોન્ડ્સ, કેન્દ્ર સરકારની લોન અને પેશગી, નાણાકીય સંસ્થાઓ તેમજ બંકો પાસેથી લીધેલી લોન તેમજ એનએસએસએફ લોનનો સમાવેશ થાય છે.

નાણા વિભાગના સૂત્રો જણાવે છે કે ૨૦૦૯ થી ૨૦૧૭ના વર્ષો દરમ્યાન દેવાના ઘટકોમાં ફેરફારો થયા છે જેમાં કેન્દ્ર સરકારની લોનનું પ્રમાણ ૧૧.૮૭ ટકાથી ઘટીને ૩.૨૯ ટકા થયું છે. તે જ પ્રમાણે એનએસએસએફ લોનનો હિસ્સો ૫૧.૫૯ ટકાથી ઘટીને ૨૩.૨૬ ટકા થયો છે, જ્યારે બજાર લોનનો હિસ્સો ૩૨.૨૦ ટકાથી વધીને ૬૮.૨૮ ટકા થયો છે. જે બજાર લોન પર વધતી નિર્ભરતા પર પ્રકાશ પાડે છે.

આગામી બે વર્ષમાં એટલે કે જ્યારે ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવશે ત્યારે ૨૦૨૨ સુધીમાં ગુજરાતનું જાહેર દેવું ત્રણ લાખ કરોડને પાર પહોંચી ચૂક્યું હશે જેમાં સૌથી વધુ દેવું બજાર લોન આધારિત હશે. સરકાર વધુને વધુ બજાર લોન લઇ રહી છે અને તેનો વ્યાજદર ઓછો હોવાનો દાવો કરવામાં આવે છે.

છેલ્લા ૪ દિવસમાં જ સોનાના ભાવ ૧૧૦૦ રૂપિયા તૂટ્યા

આંતરાષ્ટ્રીય માર્કેટમાં તરલતા ઓછી થતા સોનાના ભાવ સતત ઘટ્યા : શેર માર્કેટમાં રિટર્નમાં વધારો થતા રોકાણકારોએ તરફ વળતા સોનાના ભાવ પર દબાણ આવ્યું

નવી દિલ્હી,તા.૩

અમદાવાદઃ છેલ્લા કેટલાક દિવસથી સોનાની ચમક ઓછી થઈ રહી છે જોકે તેનાથી સોની બજારની રોનક ફરી આવી રહી છે. સોનાના ભાવમાં ઘટાડો થતા અમદાવાદ સહિતનના તમામ શહેરોમાં સોનાની ખરીદદારીમાં વધારો જોવા મળી રહ્યો છે. શહેરમાં સતત ચોથા દિવસે સોનાના ભાવમાં ઘટાડા સાથે મંગળવારે ૧૦ ગ્રામ સોનાનો ભાવ રુ. ૪૭,૨૦૦ પહોંચી ગયો હતો. જે શુક્રવારના રુ. ૪૮,૩૦૦થી ૧૧૦૦ રુપિયા ઓછી છે. નિષ્ણાંતો મુજબ રુપિયો વધતા અને શેર માર્કેટમાં જેમ જે ઊંચા વળતર મળે છે તેમ તેમ પીળી ધાતુ સોનાના ભાવમાં ગાબડું પડ્યું છે.

એકલા અમદાવાદની સોની બજારની વાત કરીએ તો ૧ ફેબ્રુઆરીથી સોનાની કિંમતોમાં ૬.૯ ટકાનો ઘટાડો આવ્યો છે. પહેલી ફેબ્રુઆરીના રોજ અમદાવાદમાં સોનાના ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રુ. ૫૦,૭૦૦ હતા જે હવે ઘટીને ૪૭,૨૦૦ થઈ ગયા છે.

જો આંતરાષ્ટ્રીય માર્કેટમાં સોનાના ભાવની આ વધઘટની તુલના કરવામાં આવે તો પહેલી

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં રહેતા દસ હજાર રોહિંગ્યાને પાછા મોકલાશે

જમ્મુ-કાશ્મીરમાં ૧૦,૦૦૦ રોહિંગ્યાઓને મ્યાનમાર મોકલવાની તૈયારીમાં સરકાર : ગૃહ મંત્રાલયના નિર્દેશના આધારે વિગતો એકઠી કરાઈ : ગેરકાયદેસર રહેતા રોહિંગ્યાઓને વિવિધ સ્થળોએથી ખસેડી પાછા મોકલાશે અથવા ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે

નવી દિલ્હી, તા. ૩

જમ્મુ કાશ્મીરમાં ગેરકાયદેસર રીતે રહેતા આશરે ૧૦,૦૦૦ રોહિંગ્યાઓને પાછા મ્યાંમાર મોકલવાની તૈયારી શરૂ કરી દેવાઈ છે. ગૃહ મંત્રાલયના નિર્દેશના આધારે જમ્મુ કાશ્મીરમાં રહેતા રોહિંગ્યાઓની વિગતો એકઠી કરવામાં આવી રહી છે અને તમામ જિલ્લામાં ચકાસણી થઈ રહી છે. ગેરકાયદેસર રીતે રહેતા તમામ રોહિંગ્યાઓને વિવિધ સ્થળોએથી ખસેડીને પાછા મોકલવામાં આવશે અથવા ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવશે. ઉપરાંત પ્રદેશમાં ડિટેન્શન સેન્ટર સ્થાપવાની કવાયત પણ આરંભી દેવાઈ છે. સરકારી અહેવાલ પ્રમાણે પ્રદેશમાં ૬,૫૨૩ રોહિંગ્યાઓ રહે છે જેમાંથી ૬,૪૬૧ જમ્મુમાં જ્યારે ૬૨ કાશ્મીરમાં રહે છે. ઉપરાંત તેઓ લદ્દાખમાં પણ કામચલાઉ ઘરો બનાવીને વસી રહ્યા છે. ૧૩,૬૦૦ વિદેશી નાગરિકો જેમાં રોહિંગ્યા અને બાંગ્લાદેશીઓનો સમાવેશ થાય છે તે ત્યાં રહેતા હોવાનું માનવામાં આવે છે. જમ્મુ કાશ્મીરમાં રહેતા રોહિંગ્યાઓ પાસેથી સ્ટેટ સબ્જેક્ટ, વોટર આઈકાર્ડ, રેશન કાર્ડ અને આધાર કાર્ડ પણ મળી આવ્યા છે. અનેક રોહિંગ્યાઓ તો વીજળીનું બિલ પણ ભરે છે. ૨૦૧૭માં એક રોહિંગ્યા પાસેથી સ્ટેટ સબ્જેક્ટ, આધાર કાર્ડ મળ્યા બાદ પ્રશાસન સતર્ક થઈ ગયું હતું. તે પરિવારના ૭ સદસ્યોના નામ પણ રેશન કાર્ડમાં નોંધાયેલા હતા. ઉપરાંત પરિવારના એક સદસ્ય પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ પણ હતું. રોહિંગ્યાઓ સામે અનેક ગુનાહિત કેસ પણ નોંધાયેલા છે. તેઓ પાકિસ્તાનની આઈએસઆઈ, આતંકવાદી સંગઠન આઈએસ અને અલગાવવાદી સંગઠનો સાથે સાંઠગાંઠ ધરાવતા હોવાની પણ આશંકા છે. સૈન્ય કેમ્પની આસપાસના વિસ્તારોમાં પણ રોહિંગ્યાઓની વસ્તી છે. સંસદમાં રોહિંગ્યાઓને ખસેડવાનો નિર્ણય લેવાઈ ચુક્યો છે. સૈદ્ધાંતિક સ્તરે સરકાર તેમને પાછા મોકલવાનો નિર્ણય કરી ચુકી છે. જો કે વ્યવહારિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

સરકારી અભિપ્રાયોથી અલગ મત ધરાવવાને દેશદ્રોહ ન કહી શકાય

ફારૂક અબ્દુલ્લાના કલમ ૩૭૦ પ્રશ્ને કરાયેલા નિવેદનના વિરોધમાં અરજી નોંધાઈ હતી જેને કોર્ટે ફગાવી દીધી

નવી દિલ્હી, તા. ૨

સુપ્રીમ કોર્ટે જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાને ભારે મોટી રાહત આપી છે. કોર્ટના કહેવા પ્રમાણે સરકારી અભિપ્રાયોથી અલગ અને વિરૂદ્ધ અભિપ્રાય ધરાવતા વિચારોની અભિવ્યક્તિને દેશદ્રોહ ન કહી શકાય. હકીકતે, ફારૂક અબ્દુલ્લાના કલમ ૩૭૦ મામલે આપવામાં આવેલા નિવેદનના વિરોધમાં અરજી નોંધાવવામાં આવી હતી.

આ અરજીમાં ફારૂક અબ્દુલ્લાના નિવેદનને ધ્યાનમાં લઈ તેમના વિરૂદ્ધ દેશદ્રોહનો કેસ નોંધવા માંગણી કરવામાં આવી હતી. ઉપરાંત તેમની સંસદીય સદસ્યતા રદ્દ કરવા પણ માંગણી કરી હતી. સુપ્રીમ કોર્ટે ફારૂક અબ્દુલ્લા વિરૂદ્ધ દેશદ્રોહનો કેસ ચલાવવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે.

સાથે જ અરજીકર્તા રજત શર્માને ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો છે. અરજીકર્તાના આરોપ પ્રમાણે ફારૂક અબ્દુલ્લાએ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબુદ કરવા ચીનથી મદદ લેવાની વાત કરી હતી. નેશનલ કોન્ફરન્સ દ્વારા આ આરોપોને નકારી દેવામાં આવ્યા હતા.

દિલ્હી મનપા પેટાચૂંટણીમાં આપે ૪ બેઠક જીતી

ન્યુ દિલ્હી,તા.૩

દિલ્હી મહાનગરપાલિકાના પાંચ વોર્ડની પેટાચૂંટણીના પરિણામ સામે આવ્યા છે. જેમાં આદ આદમી પાર્ટીની ચાર અને કોંગ્રેસની એક સીટ પર જીત થઇ છે. ત્રિલોકપુરી, શાલીમાર બાગ વોર્ડ, રોહિણી-સી અને કલ્યાણપુરી બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવારે જીત મેળવી છે. જ્યારે પૂર્વ દિલ્હીની ચૌહાણ બાંગડ સીટ પર કોંગ્રેસના ઉમેદવારની જીત થઇ છે. અગાઉ આમાંથી ચાર બેઠક આપ પાસે હતી, જ્યારે એક ભાજપ પાસે હતી.

તેલંગણામાં બ્લેકઆઉટના ચીનના હેકર્સના પ્રયાસોને નિષ્ફળ બનાવાયા

મુંબઈની માફક તેલંગણામાં પણ બ્લેક આઉટનો પ્રયાસ : તેલંગાણાની પ્રમુખ પાવર યુટિલિટી ટીએસ ટ્રાંસ્કો અને ટીએસ ગેનકો પાવર સિસ્ટમને હેક કરવા પ્રયત્ન કર્યો

નવી દિલ્હી

ગત વર્ષે મુંબઈમાં થયેલા બ્લેકઆઉટ પાછળ ચીની હેકર્સનો હાથ હોવાના સમાચાર વચ્ચે ચીની હેકર્સે મુંબઈની માફક તેલંગાણામાં પણ બ્લેકઆઉટકરવા પ્રયત્ન કર્યો છે. જો કે, કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ ઓફ ઈન્ડિયાના એલર્ટના કારણે ચીની હેકર્સના આ પ્રયત્નને નિષ્ફળ બનાવી દેવાયો છે. જાણવા મળ્યા મુજબ હેકર્સે તેલંગાણાની ટીએસ ટ્રાંસ્કો અને ટીએસ ગેનકો પાવર સિસ્ટમને હેક કરવા પ્રયત્ન કરેલો. તે બંને તેલંગાણાની પ્રમુખ પાવર યુટિલિટી છે.

તપાસ દરમિયાન ચીની હેકર્સ પાવર સપ્લાયમાં અડચણ ઉભી કરવા ઈચ્છતા હોવાનું અને ડેટા ચોરી કરવા માંગતા હોવાનું સામે આવ્યું છે. ગેનકોએ આ જોખમને ધ્યાનમાં લઈને શંકાસ્પદ આઈપી એડ્રેસ બ્લોક કરી દીધા હતા અને રિમોટ એરિયામાં કામ કરી રહેલા અધિકારીઓ અને પાવર ગ્રિડના યુઝર્સના ડેટા બદલી દીધા છે.

એક અહેવાલ પ્રમાણે ૨૦૨૦ના મધ્ય ગાળાથી આજ સુધીમાં ઓછામાં ઓછા ૧૨ સંગઠનો, પ્રારંભિક વીજ કેન્દ્રો અને લોડ ડિસ્પેચ સેન્ટર્સના કોમ્પ્યુટર્સને ચીની હેકર્સ ગ્રુપે ટાર્ગેટ કરવા પ્રયત્ન કરેલો છે. હેકર્સ આ કોમ્પ્યુટર્સમાં માલવેર મોકલવા પ્રયત્ન કરી ચુક્યા છે જેથી સેવાઓને મોટા સ્તરે બાધિત કરી શકાય.

ઈન્ટરનેટના વપરાશ પર નજર રાખતી અમેરિકી કંપની રેકોર્ડેડ ફ્યુચરના અભ્યાસ પ્રમાણે ચીની હેકર્સે અત્યાર સુધીમાં એનટીપીસી, ૫ રિજનલ લોડ ડિસ્પેચ સેન્ટર્સ અને બે બંદરો ખાતે હેકિંગનો પ્રયત્ન કર્યો છે.

રસીકરણ કેન્દ્રો પર ૨૪ કલાક કોઈ પણ સમયે વેક્સિન લગાવી શકાશે

ન્યુ દિલ્હી,તા.૩

કોરોના વેક્સિન લગાવવા માટે વધારે રાહ નહીં જોવી પડે. સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી રસી લાગશે એ નિયમ ખત્મ કરી દેવામાં આવ્યો છે. હવે ખાનગી હૉસ્પિટલોમાં બનેલા રસીકરણ કેન્દ્રો પર પોતાની સુવિધા પ્રમાણે ૨૪ કલાકમાંથી કોઈ પણ સમયે વેક્સિન લગાવી શકો છો. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધને આ જાણકારી આપી. સરકારે રાજ્ય સરકારોને પણ આ છૂટ આપી છે કે જો તેઓ ઇચ્છે તો સરકારી હૉસ્પિટલોમાં પણ આ સુવિધા આપી શકે છે. કેન્દ્ર સરકાર અનુસાર રાજ્યોને ૫ કરોડ ડોઝ મોકલી દેવામાં આવ્યા છે.

ડૉ. હર્ષવર્ધનના જણાવ્યા પ્રમાણે સરકારે આ નિર્ણય રસીકરણ અભિયાનની ઝડપ વધારવા માટે કર્યો છે. તેમણે બુધવારના એક ટ્વીટમાં કહ્યું કે, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દેશના નાગરિકોના સ્વાસ્થ્યની સાથે સાથે સમયની કિંમતને સારી રીતે સમજે છે." સરકારે મંગળવારના ખાનગી હૉસ્પિટલોને રસીકરણ કેન્દ્ર બનાવવાથી જોડાયેલી શરતોમાં પણ ઢીલ આપી હતી. કેન્દ્ર સરકારે તમામ પ્રાઈવેટ હૉસ્પિટલ્સમાં વેક્સિન ઉપલબ્ધ કરાવવાની પરવાનગી આપી દીધી છે.

સેન્સેક્સમાં ૧૧૪૮ પોઈન્ટનો ઉછાળો

દિવસના અંતે સેન્સેક્સ ૫૧૦૦૦ની સપાટી વટાવી

મુંબઈ,તા.૩

શેરબજારમાં આજે બંધ થતાની સાથે ઉછાળો જોવા મળ્યો છે. જેમાં બોમ્બે સ્ટોક એક્સચેંજનો પ્રમુખ ઈન્ડેક્સ સેન્સક્સ +૧,૧૪૭.૭૬ પોઈન્ટ એટલે કે (૨.૨૮%) ના વધારા સાથે ૫૧,૪૪૪.૬૫ ના સ્તર પર બંધ રહ્યો છે. તેમજ નેશનલ સ્ટોક એક્સચેંજની નિફ્ટી +૩૨૬.૫૦ પોઈન્ટ્સ એટલે કે (૨.૧૯%) ટકા ઉછાળા સાથે ૧૫,૨૪૫.૬૦ ના સ્તર પર બંધ રહી છે. તેમજ આજે સેન્સેક્સે બંધ થતા ૫૧,૦૦૦ની સપાટી કુદાવી છે.

દિગ્ગજ શેરની વાત કરીએ તો આજે ટાટા સ્ટીલ, બજાજ ફિનસર્વ, રિલાયન્સ, બજાજ ફાઈનાસન્સ અને યુપિલના શેર લીલા નિશાન પર બંધ થયાં છે. તેમજ હીરો મોટરકોર્પ, મારુતિ, બજાજ ઓટો, એમએન્ડએમ અને બી.પી.સી.એલ.ના શેર લાલ નિશાન પર બંધ થયાં છે.

સાંઈ કાલીકા જ્યોતિષ
હજારો - લાખો લોકોના દુખ દુર કરનાર, મારું કરેલું લાઈફ ટાઈમ અતૂટ રહેશે
મહામોહીની વશીકરણ
પ્રેમી-પંખીડા મિલન | પતિ-પત્ની ઝઘડા | તુટેલા સંબંધ જોડો
One Side Love | Happy Love Life | Life Disputes
રીલેશનમા લાગણી ઓછી થઈ ગઈ છે? લગ્ન-સગાઈ પછી બનતું નથી?
પતિ-પત્ની અંગત સમસ્યા, તમારો પતિ-સંતાન-પત્ની કોઈના વશમાં છે?
ગુપ્તધન
વાસ્તુ નિર્માણ સોસા., પ્લોટ ૫૮૩, સેક્ટર -૨૨, ગાંધીનગર
9909555191

Vશાલ
SUPER MARKETની આજ
પાવર ક્લિન ડીશ વોશ
૫ લિટર
૩.૭૫/- MRP. ૨૫૦/-
સેક્ટર-૬/કુડાસણ